# કચ્છમાં સ્વાઇન ફ્લુથી સ્થિતિ ગંભીરઃ શક્તિસિંહ

**અમદાવાદ :** સ્વાઇન ફ્લૂથી કચ્છમાં છ વ્યક્તિઓના મોત થયાં છે અને ૯૦ જેટલા અસરગ્રસ્ત કેસો નોંધાયા છે. અબડાસાના ધારાસભ્ય અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે એક અખબારી યાદીમાં આ માહિતી આપતાં જણાવ્યું હતું કે,'સરકાર જે આંકડાઓ આપી રહી છે સ્થિતિ એનાથી વધુ ગંભીર છે. કચ્છ જિલ્લાના મોટાભાગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબો ન હોવાથી સ્થિતિ વણસી રહી છે. તેથી આ કેન્દ્રો માટે તાત્કાલીક ધોરણે તબીબોની જગ્યો પુરી દેવી જોઇએ.'

# 81 ન્યાયાધીશોને બઢતી , 58 હંગામી પદો કાયમી કર્યા

**અમદાવાદ :** રાજ્યની વિવિધ અદાલતમાં કામ કરતાં ૮૧ મેજીસ્ટ્રેટ્સને સિનિયર સિવિલ જજ તરીકેની બઢતી આપવામાં આવી છે જ્યારે ૫૮ હંગામી સિવિલ જજીસને કાયમી કરવામાં આવ્યા છે. આ અંગે ગુજરાત હાઇકોર્ટના વહીવટી વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદ આ નામોની યાદી રાજ્ય સરકારને મંજૂરી અર્થે મોકલી આપવામાં આવી છે. હાઇકોર્ટ દ્વારા નજીકના ભૂતકાળમાં મોટાપાયે ભરતી, બઢતી, અને બદલીઓનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

# IIT-Gમાં ત્રણ દિવસનો હિસ્ટરી વર્કશોપ યોજાશે

**અમદાવાદઃ** આઇઆઇટી ગાંધીનગર ખાતે 'ધ હિસ્ટરી એન્ડ આર્કીઓલોજી ઓફ એન્શિયન્ટ ઇન્ડિયા' વિષય પર 30 જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી દરમિયાન વર્કશોપ યોજાશે. જેમાં દેશભરની વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ બુદ્ધિસ્ટ આર્કિટેક્ચર, હિમાલયના વિસ્તારોમાં આવેલા આર્કિઓલોજિકલ સ્થળોનું મહત્વ અને ટ્રાન્સ હિમાલયન સાઇટ્સ જેવા વિષયો પર પેપર્સ રજૂ થશે.